# કૃષિ ઈજનેરી અને ટેક્નોલોજી કોલેજ
# આણંદ કૃષિ યુનિવર્સિટી
# ગોધરા – ૩૮૯ ૦૦૧

**“અમૃત મહોત્સવ પર યુવા સંકલ્પ – શ્રેષ્ઠ ભારત કે પાંચ પ્રકલ્પ”**
**“ફિટ ઈન્ડિયા (રમત ગમત તેમજ ખેલકૂદને ઉતેજન)” કમિટી દ્વારા યોજાયેલ**
**જન જાગૃતિ રેલી**

“અમૃત મહોત્સવ પર યુવા સંકલ્પ – શ્રેષ્ઠ ભારત કે પાંચ પ્રકલ્પ” યોજના અંતર્ગત કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી કોલેજ દ્વારા પસંદ કરેલ ક્ષેત્રો પૈકી “ફિટ ઈન્ડિયા (રમત ગમત તેમજ ખેલકૂદને ઉતેજન)” ક્ષેત્રમાં ગોધરા તાલુકાના ચંચોપા ગામમાં ગ્રામજનો તેમજ ખાસ કરીને ગ્રામ્ય યુવાનોને સદર પ્રકલ્પ અંગે જાગૃતિ આવે તેમજ રમતગમતની જીવનમાં મહત્તા સમજાય તે માટે કૃષિ ઈજનેરી અને ટેક્નોલોજી કોલેજના ત્રીજા વર્ષના વિધ્યાર્થીઓ તેમજ પાંચ પ્રકલ્પની કમિટી દ્વારા તા: ૩૦મી જુલાઈ ૨૦૨૨, શનિવાર ના રોજ ચંચોપા ગામ ખાતે જન જાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવેલ હતું. સદર રેલીમાં ચંચોપા ગામના યુવાનોને ફિટ ઈન્ડિયા પ્રકલ્પ તેમજ ખેલકૂદ બાબતે જાગૃત કરવામાં આવ્યા.

ઉપરોક્ત કાર્યક્રમમાં અઝાદી કા અમૃત મહોત્સવનાં કોલેજના નોડલ અધિકારીશ્રી ડો. પંકજ ગુપ્તા, મદદનીશ નોડલ અધિકારીશ્રી ડો. આર. સી. સાળુંખે અને ડો. કે. આર. જેઠવા, ડો. નીરજ સેઠ (કન્વીનર), ઈજ. ચિરાગ જાદવ (કો-કન્વીનર), ફિટ ઈન્ડિયા (રમત ગમત તેમજ ખેલકૂદને ઉતેજન) કમિટી, ઈજ. જે. શ્રવાણ કુમાર (કન્વીનર), ઈજ. એ. એન. કુનપરા (કો-કન્વીનર) પર્યાવરણ, સ્વછતા, જળ સંરક્ષણ તેમજ જળસંચય કમિટીએ આ રેલીમાં ઉત્સાહભેર જોડાઈ વિદ્યાર્થીઓ અને ગ્રામજનોને પંચ પ્રકલ્પમાંથી પ્રેરણા લેવા પ્રોત્સાહિત કર્યા.









